ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

# આસપાસ ચોપાસ



## આગવી ઓળખ, ઐતિહાસિક વિરાસત અને આધુનિક પ્રગતિ માટે જાણીતું ગામ ગાના

# ગાના : સ્વાતંત્ર્ય સંગ્રામની ગાથા અને ગ્રામ્ય આયોજન માટે આગવી ઓળખ ધરાવતું ચરોતરનું અગ્રિમ ગામ




**ગણાઈ માતાના નામ પરથી ગાણા અને બાદમાં લોકબોલીમાં અપભ્રંશ થઈને ગાના પ્રચલિત નામ બન્યું**

આણંદ તાલુકાનું ગાના ગામ કરમસદથી માત્ર ૨ કિમી અને વલ્લભ વિદ્યાનગરથી આશરે ૭કિમી અને જીલ્લા તાલુકા મથક આણંદથી માત્ર ૧૦ કિલોમીટરના અંતરે આવેલું શહેર જેવી સુવિધાઓ ધરાવે છે. આણંદ કરમસદ વિદ્યાનગરથી સરળતાથી સરકારી બસ અથવા ખાનગી વાહનોની મુસાફરી મારફતે પણ ગામમાં પહોંચી શકાય છે. સ્થાનિક વડીલોના જણાવ્યા મુજબ ગામનું નામ ગણાઈ માતાના નામ પરથી પડ્યું હોવાની માન્યતા છે. ગામની વસાહતની રચના પણ તેની આગવી વિશેષતા દર્શાવે છે. ગામ સીધી રચનામાં વસેલું છે અને તેમાં અન્ય ગામોની જેમ ગલીઓ કે વળાંકો જોવા મળતા નથી. એક ખાંચામાંથી બીજા ખાંચામાં સરળતાથી જઈ શકાય તે રીતે ગામનું આયોજન કરવામાં આવ્યું છે. ગામમાં આવેલી દુકાનો પણ એક પછી એક હારબંધ રીતે આવે છે. ગાના ગામમાં શિક્ષણ, ખેતી, સામાજિક એકતા અને ઐતિહાસિક વારસાનો સુંદર સમન્વય જોવા મળે છે. ગામ ભૌગોલિક રીતે આણંદ શહેરની નજીક હોવા છતાં પોતાની આગવી ગ્રામ્ય ઓળખ અને સાંસ્કૃતિક વારસો જાળવી રાખનારું ગામ છે. સમગ્ર ગામ ૩૪૩.૦૭ હેક્ટર એટલે કે અંદાજે ૩.૪૩ ચોરસ કિલોમીટર વિસ્તારમાં પથરાયેલું છે. ગામનું ભૌગોલિક સ્થાન આશરે ૨૨'૩૦'૨૪' ઉત્તર અક્ષાંશ અને ૭૨'૫૪'૫૬' પૂર્વ રેખાંશ છે. ગાના ગામની ઉત્તર દિશામાં કરમસદ વિદ્યાનગર, દક્ષિણમાં બોરસદ તાલુકાનું નાપા તળપદ, પૂર્વમાં મોગરી અને જીટોડિયા તથા પશ્ચિમમાં પેટલાદ તાલુકાનું બોરીયા ગામ આવેલ છે. આણંદ, કરમસદ અને વલ્લભ વિદ્યાનગર જેવા શૈક્ષણિક તથા ઔદ્યોગિક , વ્યાપારિક કેન્દ્રોની નજીક હોવાને કારણે ગામના લોકો માટે શિક્ષણ, રોજગાર, વેપાર અને આરોગ્ય જેવી વિવિધ સુવિધાઓ સુધી પહોંચવાનુ સરળ બને છે. ગાણા ગામની સામાજિક રચના પણ તેની આગવી વિશેષતા છે. પટેલ, બ્રાહ્મણ, પરમાર, સોલંકી, ચાવડા, ઠાકોર, વાઘેલા, રબારી, પ્રજાપતિ, રામી, રાવળ, હરિજન, વણકર, રોહિત, દિવાન, ભરવાડ, પંચાલ, જાદવ, રાઠોડ અને ભોઈ સહિતના વિવિધ સમાજના લોકો વર્ષોથી પરસ્પર સહકાર અને સામાજિક સમરસતાની ભાવના સાથે વસવાટ કરે છે. પોતાની પરંપરા, વિવિધ સમાજોના સહઅસ્તિત્વ, શિક્ષણ પ્રત્યેની જાગૃતિ, ખેતી આધારિત જીવનશૈલી અને ઐતિહાસિક-ધાર્મિક વારસાને જાળવી રાખતું ગાના ગામ ચરોતરની ગ્રામ્ય સંસ્કૃતિનું એક જીવંત પ્રતિબિંબ બનેલું છે.

# આઝાદીની લડતમાં દેશદાઝ દાખવનારા ગામના લડવૈયાઓની શૌર્યગાથાઓ આજે પણ નવી પેઢી માટે પ્રેરણારૂપ છે

**અસહકાર આંદોલનમાં અનેક લોકોએ પોતાનું ગામ છોડીને ગાયકવાડ રાજ્યની નજીકની સરહદે જઈ વસવાટ કર્યો હતો**

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના પત્ની ઝવેરબાનું પિયર ગાના ગામ હતું, એટલે કે આ ગામ સરદાર સાહેબનું સાસરી ગામ છે. આઝાદીની ચળવળ દરમિયાન પણ આ ગામે સિંહફાળો આપ્યો હતો. મહાત્મા ગાંધીજીના અંતેવાસી અને ખેડા સત્યાગ્રહના અગ્રણીઓએ અહીં સ્વાતંત્ર્ય સેનાનીઓને એકત્રિત કર્યા હતા. આઝાદીની લડતમાં દેશદાઝ દાખવનારા ગામના લડવૈયાઓની શૌર્યગાથાઓ આજે પણ નવી પેઢી માટે પ્રેરણારૂપ છે. ૧૯૩૦ના દાયકામાં સત્યાગ્રહ અને અસહકાર આંદોલન દરમિયાન ગામના લોકોએ રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈ ભાગ લીધો હોવાની નોંધ મળે છે. અસહકાર આંદોલનને સમર્થન આપવા માટે અનેક લોકોએ પોતાની મિલકતો અને સુખ-સગવડવાળા મકાનો છોડીને ગાયકવાડ રાજ્યની નજીકની સરહદે જઈ વસવાટ કર્યો હતો.અંગ્રેજ સરકારને કર ન ચૂકવવાના નિર્ણય સાથે ગ્રામજનોએ સંઘર્ષનો માર્ગ અપનાવ્યો હતો. આ દરમિયાન ખેતીમાં ઉપયોગી અનેક વસ્તુઓ લૂંટી લેવામાં આવી હતી. કેટલાક ગ્રામજનોએ ખુલ્લા ખેતરોમાં રહીને ભારે મુશ્કેલીઓ સહન કરી, પરંતુ અંગ્રેજ સરકારને કર ચૂકવ્યો નહોતો. પરિણામે કેટલાક લોકોએ અંગ્રેજ સત્તાધીશો તરફથી અત્યાચાર અને અપમાનજનક વર્તનનો પણ સામનો કરવો પડ્યો હતો. આમ, ગાના ગામના લોકોએ આઝાદીની લડતમાં ત્યાગ, હિંમત અને અડગતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ગાંધીજીના અંતેવાસી રાવજીભાઈ મણિભાઈ પટેલ લિખિત 'ખેડા જિલ્લાના સત્યાગ્રહનો ઈતિહાસ' પુસ્તકની માહિતી મુજબ સત્યાગ્રહમાં ખેડા જિલ્લાનાં બે ગામ અગ્રેસર હતાં-એક રાસ ને બીજું ગાના. એ સત્યાગ્રહને બળ પૂરું પાડવા માટે મહાત્મા ગાંધીજી અને મોતીલાલ નેહરુ ગાના ગામમાં આવ્યા હતા. આઝાદીની ચળવળમાં ગાનાની ઘણી વ્યક્તિઓએ જોડાઈને જેલવાસ પણ ભોગવ્યો હતો. ગાનાના જાણીતા મહાસભાવાદી સ્વ. ઈશ્વરભાઈ ચાવડાની ધરપકડ ગાનાની બજાર મધ્યેની ચબૂતરી પાસે કરાઈ હતી.

ગાના ગામનું ગૌરવ ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠો સાથે વણાયેલું છે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના પત્ની ઝવેરબાનું પિયર ગાના ગામ હતું, એટલે કે આ ગામ સરદાર સાહેબનું સાસરી ગામ છે. આઝાદીની ચળવળ દરમિયાન ગાના ગામે સિંહફાળો આપ્યો હતો. ગાના ગામ સાથે દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર પટેલ અને પૂર્વ મુખ્યમંત્રી તેમજ પૂર્વ વિદેશ મંત્રી માધવસિંહ સોલંકીનો સાસરી પક્ષ તરીકે નાતો જોડાયેલો છે. દેશની આઝાદીથી માંડીને આજપર્યંત ગામની વ્યક્તિઓએ રાજકીયક્ષેત્રે ચાવીરૂપ ભૂમિકા નિભાવી છે, સ્વ. ઈશ્વરભાઈ ચાવડા લોહપુરુષ સરદાર પટેલના ખાસ અનુયાયી હતા, જે ઘણાં વર્ષો સુધી આણંદ લોકસભા બેઠકથી સાંસદ તરીકે રહ્યા હતા. ગુજરાતમાં જનતા પક્ષના શાસનકાળે આણંદ બેઠકના ધારાસભ્ય ધનશ્યામભાઈ રાવજીભાઈ પટેલ (બાપજી) ગામના વતની છે. આણંદ તાલુકા પંચાયતના પ્રમુખપદે યોગેશભાઈ ખોડાભાઈ પટેલ નિયુક્ત થયા હતા.



## ગાના ટાઉન ટોક

### -: ગાના ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 866 |
| કુલ વસ્તી | 4079 |
| કુલ પુરૂષો | 2164 |
| કુલ સ્ત્રીઓ | 1915 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 97.42 |
| પુરૂષ સાક્ષરતા દર | 97.83 |
| સ્ત્રી સાક્ષરતા દર | 96.96 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 398 |
| ખેત મજૂર | 447 |
| સીમાંત વર્ગ | 368 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 74 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 225 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 821 |
| ગાય | 556 |
| ભેંસ | 197 |
| અન્ય | 68 |

### -: જમીન ક્ષેત્રફળ :-

342 હેક્ટર 27 આરે 33 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 04 હેક્ટર 76 આરે 91 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 02 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 02 |
| વિદ્યાર્થીઓ | 812 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 1577 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1155 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 93 |
| ખેતી વિષયક જોડાણ | 70 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 810 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 141 |
| BPL કાર્ડ ધારકો | 77 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 12 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 18 |
| વિધવા સહાય | 110 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 05 |